## વયનિવૃત્ત થતા કર્મચારીઓને 2004-'07ના બ્લોક વર્ષ માટે રજાપ્રવાસરાહતની સવલત અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102004-657-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 17-8-2004

*વંચાણે લીધા : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102001-368-ચ, તા. 1-5-2001.*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102003-368-ચ, તા. 18-8-2003.*
*(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : 102003-યુઓ-1268-ચ, તા. 6-12-2003.*

ઉપર વંચાણે દર્શાવેલ ક્રમાંક : (1), (2) અને (3) આગળના ઠરાવો અન્વયે, રાજ્યના કર્મચારીઓને રજાપ્રવાસરાહત/વતનપ્રવાસરાહત બ્લૉકવર્ષ 2000-2003ની સવલત, તેમાં દર્શાવેલ શરતોને આધીન, તા. 1-5-'01 થી ત્રણ વર્ષની મુદત માટે મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવેલ, પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સરકારી સેવામાંથી વયનિવૃત્ત થનાર કર્મચારીઓ કે જેઓએ ઉક્ત હુકમોની રવાનગી અગાઉ, રજાપ્રવાસરાહત બ્લૉકવર્ષ 2000-2003 નો લાભ લીધેલ ન હોય તેઓ કે જે તા. 31-8-2004 સુધીની મુદત દરમ્યાન સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારી તેમના સેવાકાળ દરમ્યાન ઉક્ત બ્લૉકના એલ.ટી.સી.નો લાભ લઈ શકે છે.

2. તા. 31-8-'04 પછી સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારીઓને રજાપ્રવાસરાહતના લાભ મંજૂર કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે,

(1) તા. 31-12-2004 પછી સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારીઓને રજાપ્રવાસરાહત બ્લૉકવર્ષ 2000-2003 નો લાભ મંજૂર કરી શકશે, પરંતુ સંબંધિત વયનિવૃત્ત થતા કર્મચારીએ અગાઉ રજાપ્રવાસરાહત બ્લૉકવર્ષ 2000-2003નો લાભ મળવાપાત્ર થશે નહિ.

(2) તા. 1-1-'05 થી તા. 31-8-'05 સુધીની મુદત દરમ્યાન સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારીઓને રજાપ્રવાસરાહત બ્લૉકવર્ષ 2004-'07નો બ્લૉક મંજૂર કરી શકાશે. પરંતુ, સંબંધિત વયનિવૃત્ત થતા કર્મચારીએ અગાઉ રજાપ્રવાસરાહત બ્લૉકવર્ષ 2000-2003નો લાભ લીધેલ હશે તો બ્લૉકવર્ષ 2004-2007નો બ્લૉક મંજૂર કરી શકાશે.

(3) રજાપ્રવાસરાહત અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. ડી. સેઇલર
ઉપસચિવ, નાણાં વિભાગ